પહેલી વખત 'વંદે માતરમ'ના પૂર્ણ ગાન સાથે રજૂ થયેલા બજેટને શાસકોએ વખાણ્યું, વિપક્ષે વખોડ્યું

# સામાન્ય સભામાં દબાણ, તાપી પ્રદૂષણ અને ગંદકીના મુદ્દા ગાજ્યા



**ત્રણ** વર્ષમાં 18 એવોર્ડના કાગળ પર ઘોડા દોડાવવાનું બંધ કરો : વિપક્ષ

**કામ** કરીએ છીએ લુડો રમીને એવોર્ડ નથી લાવ્યા : મેયર

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વર્ષ 2026-27ના બજેટ સામાન્ય સભા સોમવારે મળી હતી. મ્યુનિસિપલ કમિશનર દ્વારા રજૂ કરવામાં આવેલા મૂળ બજેટમાં સ્થાયી સમિતિએ 708 કરોડનો વધારો કરીને કુલ 11,301.75 કરોડનું બજેટ મંજૂરી માટે સામાન્ય સભામાં રજૂ કર્યું હતું. સુપ્રીમ કોર્ટના આદેશને ધ્યાનમાં રાખીને સોમવારે મનપાની સામાન્ય સભામાં મહત્ત્વની ત્રણ કડીની ઉમેરા સાથે પૂર્ણ વંદેમાતરમ ગીત વગાડવામાં આવ્યું હતું. પહેલા દિવસે 60 સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો. સભાના પ્રથમ દિવસે શાસક પક્ષ ભાજપે બજેટને ઐતિહાસિક અને સર્વગ્રાહી ગણાવી પોતાની પીઠ થાબડી હતી, જ્યારે વિપક્ષ આમ આદમી પાર્ટીએ શહેરની પાયાની સમસ્યાઓ દબાણ, ગંદકી, ટ્રાફિક અને મેટ્રોની કામગીરીથી થતી હાલાકી મુદ્દે શાસકોને ઘેર્યા હતા. જ્યારે શાસકો વિકાસની વાતો કરી રહ્યા હતા, ત્યારે વિપક્ષી નેતા અને અન્ય સભ્યોએ ગ્રાઉન્ડ લેવલની સ્થિતિ પર સવાલો ઉઠાવ્યા હતા.

વિપક્ષી નેતાએ ચીમકી આપી હતી કે શાસકો બોર્ડમાં માત્ર બડાઈઓ હાંકે છે, પણ જો તેઓ વોર્ડની સમસ્યાઓ નહીં ઉકેલે તો વિપક્ષ જનતાની વચ્ચે જઈને તેમની પોલ ખોલશે. શાસક પક્ષના સભ્યો ત્રણ વર્ષમાં મેળેલા 18 એવોર્ડને ટાંકીને વિકાસની વાહવાહી કરતા હતા ત્યારે વિપક્ષી સભ્ય મોનાલી હીરપરાએ શહેરમાં ગંદકીની સ્થિતિ અંગે સવાલો ઉઠાવી ટકોર કરી હતી કે, સ્વચ્છતા સરવેમાં મળેલા એવોર્ડ અને રેન્કિંગની આડમાં વાસ્તવિક પરિસ્થિતિ છુપાવવામાં આવી રહી છે. તેમના આ પ્રહારોને પગલે સભા ગૃહમાં વાતાવરણ ગરમાયું હતું. આક્ષેપોના જવાબમાં મેયર દક્ષેશ માવાણી અકળાયા હતા અને કટાક્ષભર્યા સ્વરે જણાવ્યું હતું કે, "સુરત મહાનગરપાલિકાએ મહેનત કરીને નંબર મેળવ્યા છે, લુડો રમીને નંબર લાવ્યા નથી." મેયરના આ નિવેદન સાથે જ સભાગૃહમાં થોડા સમય માટે હોબાળો મચી ગયો હતો. ભાજપના સભ્ય ઉર્વશી પટેલે પણ વિપક્ષના આક્ષેપોને ફગાવતાં જણાવ્યું હતું કે, "કેન્દ્ર અને રાજ્યમાં બેસેલા અધિકારીઓ અમારા કાકા, મામા કે માસા નથી કે એમજ એવોર્ડ આપી દે. સુરતે કામગીરીના આધારે જ સન્માન મેળવ્યું છે." બંને પક્ષોના સભ્યો વચ્ચે તીખી બોલાચાલી ચાલતાં અધ્યક્ષ સ્થાનેથી મેયરે હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. અંતે વાતાવરણ શાંત થતાં અન્ય એજન્ડા પર ચર્ચા આગળ વધારવામાં આવી હતી.

## આકાર અને સુકાની જેવી એજન્સીઓ કર્મચારીઓનું શોષણ કરે છે: સોમનાથ મરાઠે

ટ્રાન્સપોર્ટ કમિટી ચેરમેન સોમનાથ મરાઠેએ સભાગૃહમાં આક્ષેપ કર્યો હતો કે, સિટીલિંકની આકાર અને સુકાની એજન્સી એવી છે કે જેઓ કંડક્ટર અને ડ્રાઈવરોનું શોષણ કરે છે. સમયસર પગાર આપતા નથી, જેના કારણે કંડક્ટરો ચોરી કરે છે. આપણે સુધારો કરવાની જરૂર છે. બંને એજન્સી પર કાર્યવાહી થવી જોઈએ. ડ્રાઈવર, કંડક્ટર અને ચેકરોને સસ્પેન્ડ કરવાથી કંઈ નથી થતું, પણ એજન્સી સામે પગલાં લેવાની જરૂર છે. બસમાં ટપોરી જેવા કંડક્ટર છે, જેઓ મહિલાઓની છેડતી કરતા હોવાની પણ ફરિયાદો સામે આવે છે.

## 'ટેક્સમાં વધારા વગર વિકાસમાં વેગ'નું સૂત્ર સાર્થક થશે: સ્થાયી ચેરમેન રાજન પટેલ

સુરતઃ આગામી નાણાકીય વર્ષ માટે સુરત મનપાનું બજેટ રજૂ કરતી વેળા સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલે 'ટેક્સમાં વધારો નહીં, વિકાસમાં વેગ'નું સૂત્ર આપ્યું હતું. રાજન પટેલે બજેટ રજૂ કરતા જણાવ્યું હતું કે, સુરતની પ્રજા દરેક પરિસ્થિતિમાં શહેરના વિકાસ માટે ખમીરવાળી ભાગીદારી કરે છે. "આ બજેટ સુરતના સુગ્રથિત અને સમતોલ વિકાસ માટે દિશાસૂચક સાબિત થશે," તેમણે ગર્વપૂર્વક ઉલ્લેખ કર્યો કે છેલ્લાં ત્રણ વર્ષથી સુરત શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં સતત નંબર વન સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યું છે. આ અવધિ દરમિયાન શહેરને કુલ 18 એવોર્ડ મળ્યા છે. "આ ગૌરવ માત્ર મનપાનું નહીં, પરંતુ સુરતના જાગૃત નાગરિકો અને તેમની સક્રિય ભાગીદારીનું પરિણામ છે," બજેટમાં કોઈપણ પ્રકારના કરવેરામાં વધારો કરવામાં આવ્યો નથી. શહેરના વિકાસ માટે જરૂરી તમામ જોગવાઈઓ સાથે પ્રજાને વધારાનો આર્થિક બોજ ન પડે તે માટે જવાબદાર અને સંતુલિત આયોજન કરવામાં આવ્યું છે.

## કતારગામમાં પાણી ભરાવાની સમસ્યા હલ કરવા રૂ.73.74 કરોડનો પ્રોજેક્ટ મહત્ત્વનો: કોર્પોરેટર ચીમન પટેલ

વોર્ડ નં.8ના ભાજપના કોર્પોરેટર ચીમન પટેલે જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન મનપાનું બજેટ આશરે 85 ટકા જેટલું વધ્યું છે. દર વર્ષે સરેરાશ 16 ટકાથી વધુનો વધારો નોંધાયો હોવા છતાં નાગરિકો પર એક પણ વખત વેરામાં વધારો કરવામાં આવ્યો નથી, તે બાબત નોંધપાત્ર છે. કતારગામ ઝોનમાં વરસાતી પાણી ભરાવાની વર્ષોથી ચાલી આવતી સમસ્યાના સ્થાયી ઉકેલ માટે સ્ટોર્મ ડ્રેનેજ વ્યવસ્થાને મજબૂત બનાવવા મહત્ત્વકાંક્ષી આયોજન હાથ ધરાયું છે. ટીપી 51 અને 51 વિસ્તારમાં રૂ.73.74 કરોડના ખર્ચે નેટવર્ક અને નાની વેડ નજીક ફ્લડ ગેટ મૂકવાની યોજના તૈયાર કરવામાં આવી છે. પરિણામે ભારે વરસાદ દરમિયાન પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે અને સ્થાનિક રહેવાસીઓને મોટી રાહત મળશે.

## કરોડોના આંધણ પછી પણ તાપીમાં ગંદકી ઠલવાય છે, ખોટું હોય તો રાજીનામું આપી દઉં: મોનાલી હીરપરા

વિપક્ષી સભ્ય મોનાલી હીરપરાએ શાસકો દ્વારા છેલ્લા બજેટમાં પાંચ વર્ષમાં 85 ટકા વિકાસના દાવાને "હકીકતથી વિમુખ" ગણાવ્યો હતો. મોનાલી હીરપરાએ જણાવ્યું હતું કે, શાસકો ભલે 85 ટકા વિકાસના આંકડા રજૂ કરે, પરંતુ વાસ્તવિક વિકાસ અમુક વિસ્તારો પૂરતો જ સીમિત છે. શહેરના અનેક વિસ્તારો આજે પણ મૂળભૂત સુવિધાઓથી વંચિત છે અને વિકાસમાં 85 ટકા પાછળ છે. સરવે દરમિયાન માત્ર પસંદગીના વિસ્તારો બતાવીને નંબર મેળવવામાં આવે છે. હકીકતમાં અનેક વિસ્તારોમાં ગંદકીના ઢગલા, ઉભરાતી ગટરો પૂર્વ આયોજન વિના થતા ખોદકામ, વધતી ટ્રાફિક સમસ્યા, બિસમાર રસ્તાઓ અને દબાણોના પ્રશ્નો ઉઠાવી શાસકોનો કાન ખેંચ્યો હતો. મોનાલી હીરપરાએ આક્ષેપ કર્યો કે, સુદામા ચોક ખાતે મનપા દ્વારા પાર્કિંગ માટે ફાળવાયેલા પ્લોટમાં ગેરકાયદે બજાર ભરાય છે અને તંત્ર નિષ્ફળ ગયું છે. તાપી નદી શુદ્ધીકરણ માટે ખર્ચાયેલા કરોડો રૂપિયા છતાં આજે પણ તાપી નદી પ્રદૂષિત હોવાનો આક્ષેપ કરતાં શાસક પક્ષના સભ્ય દિનેશ રાજપુરોહિતે મોનાલી હીરપરાના આક્ષેપોને ખોટા ગણાવ્યા હતા. જો કે, તેનો જવાબ આપતા મોનાલી હીરપરાએ ખુલ્લો પડકાર ફેંક્યો હતો કે, "મારી સાથે આવો, તાપી નદીમાં ગંદકી ઠલવાય છે તે સ્થળોનો રાઉન્ડ લઈએ. જો મારી વાત ખોટી નીકળે તો હું રાજીનામું આપવા તૈયાર છું." સભામાં આ મુદ્દે બંને પક્ષ વચ્ચે તીખી બોલાચાલી સર્જાતાં વાતાવરણ તંગ બન્યું હતું.

## સુરતને વૈશ્વિક ઓળખ તરફ લઈ જતું બજેટ: રેશમા લાપસીવાલા

કોટ વિસ્તારના કોર્પોરેટર રેશમા લાપસીવાલાએ બજેટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના વિઝનને અનુરૂપ ગણાવતા કહ્યું હતું કે, માળખાગત સુવિધાઓના વિસ્તરણ સાથે સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે. રોડ, બ્રિજ, ડ્રેનેજ અને આધુનિક સુવિધાઓ જેવા પ્રોજેક્ટ્સ સાથે સાથે શહેરીજનોના આરોગ્યને કેન્દ્રમાં રાખીને 'સુરત સિટિઝન ફિટનેસ ચેલેન્જ' એપ્લિકેશન જેવી પહેલ બજેટમાં સામેલ કરવામાં આવી છે, જે આરોગ્ય જાળવણી અને ફિટનેસ અંગે જનજાગૃતિ વધારશે. સાથે જ 'ઇનોવેશન સિટી'નો કોન્સેપ્ટ યુવા વર્ગને નવી તકો અને સ્ટાર્ટઅપ સંસ્કૃતિ તરફ પ્રોત્સાહિત કરશે, જેના કારણે 'યૂથ સુરત'ને નોંધપાત્ર બૂસ્ટ મળશે. સુરતને હવે ઇન્ટરનેશનલ ટુરિઝમ સિટી તરીકે વિકસાવવા માટેની દિશામાં પણ આ બજેટમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું. "સુરતને વૈશ્વિક નકશા પર વધુ મજબૂત રીતે સ્થાપિત કરવા માટેનું આ બજેટ તમામ સુરતવાસીઓ માટે ગૌરવની બાબત છે.

## મેટ્રો-ખોદકામથી ધંધા ઠપ: અસરગ્રસ્તોને વેરામાં રાહત આપો: મનીષા કુકડિયા

વિપક્ષી સભ્ય મનીષા કુકડિયાએ શહેરની ટ્રાફિક સમસ્યા અને વરાછા વિસ્તારની હાલત મુદ્દે વહીવટી તંત્રનો કાન આમળ્યો હતો. કુકડિયાએ જણાવ્યું હતું કે, વરાછા વિસ્તારમાં ચાલી રહેલા આડેધડ ખોદકામ અને ખાસ કરીને સુરત મેટ્રોના અણઘડ આયોજનને કારણે લંબે હનુમાન રોડ પર છેલ્લાં બે વર્ષથી ધંધા-રોજગાર પર ગંભીર અસર પડી છે. "આ પરિસ્થિતિમાં અસરગ્રસ્તોને વેરામાં રાહત આપવી જોઈએ," એવી માંગણી તેમણે કરી હતી. મનીષા કુકડિયાએ કટાક્ષ કરતાં જણાવ્યું કે તૂટેલા રસ્તાઓને કારણે લોકોને કમરના મણકા અને હાડકાં ભાંગવાના બનાવો વધી રહ્યા છે. "એટલે જ અમે ઝોનવાઈઝ અને વસતીની સંખ્યાને આધારે ફિઝિયોથેરાપી સેન્ટર શરૂ કરવાની માંગણી કરી હતી.

## વિકાસકાર્યોને કારણે તાત્કાલિક અસુવિધા સ્વાભાવિક: નીરાલી પટેલ

વરાછાના કોર્પોરેટર નીરાલી પટેલે જણાવ્યું હતું કે, આ બજેટ શહેરના સર્વાંગી વિકાસનો દૃઢ રોડમેપ છે. મનીષા કુકડિયાએ શહેરમાં ચાલી રહેલા ખોદકામ અંગે કરેલી ટિપ્પણીઓને જવાબ આપતાં નીરાલી પટેલે જણાવ્યું હતું કે, "ઘરમાં પણ કોઈ મોટું કામ થતું હોય ત્યારે થોડી અવ્યવસ્થા સર્જાય છે. તે જ રીતે શહેરમાં મોટા પાયે વિકાસકાર્યો હાથ ધરવામાં આવે ત્યારે તાત્કાલિક અસુવિધાઓ થવી સ્વાભાવિક છે." પરંતુ આ તમામ કામગીરી લાંબા ગાળાના વિકાસને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહી છે. વહીવટી તંત્ર સમસ્યાઓને પહોંચી વળવા યોગ્ય આયોજન કરે છે. નાગરિકોને ઓછી અસુવિધા થાય તેનું ધ્યાન રખાઇ છે.

## 'ચુનૌતિયા મુઝે પસંદ હૈ': : હેમાલી બોઘાવાળાનો વિપક્ષ પર કટાક્ષ

બજેટ પર ચર્ચા દરમિયાન પૂર્વ મેયર હેમાલી બોઘાવાળાએ શાયરાના અંદાજમાં સંબોધનની શરૂઆત કરી સભાગૃહનું ધ્યાન ખેંચ્યું હતું. "ચુનૌતિયા મુઝે પસંદ હૈ" કહી તેમણે બજેટને નેતૃત્વ, નેતા અને પ્રજાના સમન્વયનું પ્રતિબિંબ ગણાવી આ બજેટ પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'અંત્યોદય'ના સિદ્ધાંતને સાકાર કરનારું ગણાવ્યું હતું. વિપક્ષ પર કટાક્ષ કરતાં શાયરાના અંદાજમાં કહ્યું, "તુમ રખો અપને કર્મો કા હિસાબ, હમે તો આખીર તક દિયા જલાના હૈ," અને વિકાસ મુદ્દે માત્ર વિરોધ ન કરવાની સલાહ આપી હતી. તેણે ઉમેર્યુ હતું કે, દેશના વિવિધ ખૂણામાંથી સપનાં લઈને આવતા લોકોને સુરત માનવીયતા, રાષ્ટ્રીયતા અને સમૃદ્ધિ સાથે જોડે છે. વિપક્ષને સલાહ આપી હતી કે, માત્ર રાજકીય વિરોધ કરતાં શહેરના સર્વાંગી વિકાસમાં સહભાગી થવું વધુ જરૂરી છે.

## અંગદાનના બદલામાં વેરામાં રાહત આપવામાં આવે: વ્રજેશ ઉનડકટ

ભાજપના નગરસેવક વ્રજેશ ઉનડકટે વિપક્ષના સભ્યોને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, દિલ્હીમાં શેરી-મહોલ્લા ક્લિનિકનાં છાપરાં ઊડી ગયાં. જેનાથી ખબર પડી ગઈ કે મહોલ્લા ક્લિનિક માત્ર નામનાં હતાં. સુરત સાથે તેની સરખામણી નહીં થઇ શકે. તેમણે સફાઈકર્મીઓને મોટાં ઝાડુ આપવા અને કચરાની ટ્રોલી પણ આપવા સૂચન કર્યું હતું. તેમણે ટ્રી એમ્બ્યુલસ શરૂ કરવા અને જે વિસ્તારમાં લોકો સાઇકલો યૂઝ કરતા નથી તેથી સોસાયટીઓમાં લોકોના સંપર્ક કરીને સાઇકલ સ્ટેન્ડ મૂકીશું તો લોકો વધુમાં વધુ તેનો ઉપયોગ કરશે તેવું સૂચન કર્યું હતું તેમજ દરેક ગાર્ડનમાં સીસીટીવી કેમરા લગાવવા તેમજ જે લોકો બ્રેઈન ડેડના અંગદાન કરે છે તેના પરિવારને વેરામાં રાહત આપવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

## પાણી અને વીજળીની જરૂરિયાતમાં સુરત આત્મનિર્ભર બની રહ્યું છે: દીપેન દેસાઈ

બજેટમાં સોસાયટીમાં આપવામાં આવતા અનુદાનમાં વધારો કરવામાં આવ્યો તેનાથી સોસાયટીઓ જાતે જ સાફસફાઈ કરશે અને તેના કારણે સુરત મહાનગર પાલિકા ઉપર ભારણ ઘટશે. શહેરની વસતી 2051માં 1.68 કરોડ હશે ત્યારે સુરતને 3161 એમએલડી પાણીની જરૂર પડશે. એ માટે પણ મનપા દ્વારા માસ્ટર પ્લાન બનાવી દેવામાં આવ્યો છે. બરાજનું કામ ફૂલફ્લેજમાં ચાલી રહ્યું છે. સીડબ્લ્યૂસી બરોડા દ્વારા પ્રૂફ ચેકિંગનું આગળનું કામ દિલ્હી મોકલી દેવામાં આવ્યું છે. મનપા ટ્રીટેડ પાણી હજીરા ઉદ્યોગોને વેચીને 10 વર્ષમાં 1977 કરોડની આવક કરશે. મનપા 2030 સુધીમાં 100 ટકા રિન્યુએબલ પ્લાન્ટ સ્થાપીને વીજળી રિ-જનરેશનમાંથી મેળવશે.



# ભારત પેટ્રોલિયમનો મહા શિવરાત્રીએ લકી ડ્રો યોજાયો

**મીડિયા** પાર્ટનર ગુજરાતમિત્ર થકી સુરત, નવસારી, વલસાડ થકી 7 લાખથી વધુ કૂપન અને ડિજિટલ એન્ટ્રીઓ સાથે કાર, બાઈક અને 540થી વધુ ઇનામો અપાયા

સુરતઃ ભારત પેટ્રોલિયમ દ્વારા તેમના માનવંતાં ગ્રાહકો માટે દર વર્ષે યોજાતો "ઉત્સવનો ઉલ્લાસ" કાર્યક્રમ આ વર્ષે 21મી વખત ભવ્ય રીતે આયોજિત થયો છે. છેલ્લા 20 વર્ષથી સતત યોજાતા આ કાર્યક્રમને ગ્રાહકોમાં વિશેષ પ્રતિસાદ મળ્યો છે.

આ અંગે ધીરુભાઈ તમાકુવાળા અને કિરીટભાઈ નાયકએ જણાવ્યું હતુ કે,ભારત પેટ્રોલિયમ અને મીડિયા પાર્ટનર ગુજરાતમિત્ર થકી શહેર, હાઈવે અને રૂરલ સહિત કુલ 5 રિઝનમાંથી ગ્રાહકોના રજીસ્ટ્રેશનો લેવામાં આવ્યા હતા. મોટરસાઇકલમાં રૂ. 250નું પેટ્રોલ અને કારમાં રૂ. 1200નું પેટ્રોલ અથવા ડીઝલ ભરાવનાર ગ્રાહકોને લકી ડ્રો માટે કૂપન આપવામાં આવ્યા હતા.

આ વર્ષે 180થી વધુ પેટ્રોલ પંપ પરથી અંદાજે 7 લાખ જેટલી કૂપનો પ્રાપ્ત થઈ છે. ઉપરાંત, ડિજિટલ સિસ્ટમ દ્વારા 2 લાખથી વધુ એન્ટ્રીઓ નોંધાઈ છે. નવસારી અને વલસાડ શહેરોના પેટ્રોલ પંપ પરથી આવેલી કૂપનો પણ આ ડ્રોમાં સામેલ કરવામાં આવી છે. મેગા ડ્રોમાં પ્રથમ ઈનામ રૂપે કાર અને 7 મોટરસાઈકલો વિજેતાઓને એનાયત કરવામાં આવશે. ઉપરાંત કુલ 540 ઈનામોમાં ગ્રાહકો, ડીલરો અને વર્કરોને ટેલિવિઝન, રેફ્રિજરેટર અને એસી જેવી હોમ એપ્લાયન્સીસ ભેટરૂપે આપવામાં આવશે.લકી ડ્રોના વિજેતાઓને ઈનામો થોમસ જેમ્સ (રિટેલ હેડ - વેસ્ટ ઝોન), મુકુંદ ધામેલા અને અંચિત ભાવસાર (ગુજરાત સ્ટેટ હેડ)ના હસ્તે આપવામાં આવ્યા હતાં.કાર્યક્રમ ના મુખ્ય સ્પોન્સર ભરત પેટ્રોલિયમ,સ્વામી વિવેકાનંદ નેત્રમ મંદિર, સુઝીકી અને મીડિયા પાર્ટનર ગુજરાત મિત્ર રહ્યું હતું.

# આભવા ચોકડી પાસે રાંધણ ગેસ લીક થતા ભીષણ આગ

**10 શ્રમજીવી** પરિવારોના આશિયાના છીનવાઈ જતા રસ્તા પર આવી ગયા



સુરત : શહેરની આભવા ચોકડી પાસે આવેલા વેકેંજા એપાર્ટમેન્ટ નજીકની ખુલ્લી જગ્યામાં આજે સવારે એકાએક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સવારે આશરે 9:30 વાગ્યે એક ઝુંપડામાં રસોઈ બનાવતી વખતે અચાનક રાંધણ ગેસ લીક થયો હતો, જેને કારણે લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ વિકરાળ આગ પળવારમાં આસપાસના અન્ય 10 જેટલા ઝુંપડાઓમાં પ્રસરી ગઈ હતી, જેના કારણે ત્યાં વસવાટ કરતા શ્રમજીવી પરિવારોમાં જીવ બચાવવા માટે નાસભાગ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ વેસુ અને ભીમરાડ ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ પોણા કલાકમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો, જેના કારણે આસપાસના અન્ય 40 જેટલા ઝુંપડાઓ બચાવી શકાયા હતા. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ 10 શ્રમજીવી પરિવારોના આશિયાના છીનવાઈ જતા તેઓ રસ્તા પર આવી ગયા છે. તંત્રએ આ મામલે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## કતારગામના કારખાનામાં દીવાલ નીચે દબાઈ જતા શ્રમિકનું મોત

સુરતઃ મૂળ રાજસ્થાન બાસવાડાના વતની અને હાલ કતારગામ હાથી મંદિર રોડ પર રહેતા 20 વર્ષિય શાંતિ ભુરજી ડામોર કતારગામ જીઆઈડીસીમાં બની રહેલા ત્રણ માળના કારખાનામાં કામ કરી રહ્યો હતો. રવિવારે બપોરે ત્રીજા માળે સાંધા છૂટી જતા શાંતિ પર દીવાલ ધસી પડી હતી. દીવાલ નીચે દબાઈ જતા ઈજાગ્રસ્ત હાલતમાં શાંતિને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેનું સારવાર દરમિયાન રવિવારે રાતે મોત થયું હતું. કતારગામ પોલીસે અકસ્માત મોતની નોંધ લઈ તપાસ હાથ ધરી હતી.

# શહેરમાં સવારે-રાત્રે ઠંડક, બપોરે અકળાવતી ગરમી

**ઉત્તરના** પવનોને પગલે લઘુત્તમ તાપમાન 17.8 ડિગ્રી સુધી ગગડ્યું, ભેજ 35 ટકા, આગામી દિવસોમાં ગરમી આકરી થવાના સંકેત

સુરતઃ શહેરમાં બે દિવસથી ઉત્તરના પવનોને લીધે રાતના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. જેથી સવારે ઠંડી અને બપોરે ગરમી એમ મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

આજે શહેરનું મહત્તમ તાપમાન ગઈકાલ જેટલું જ 34 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 1.2 ડિગ્રી ઘટીને 17.8 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. હવામાં 35 ટકા ભેજ નોંધાયો હતો અને ઉત્તર દિશામાંથી આશરે 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાન ધીમે ધીમે વધી રહ્યું છે. જો કે ઉત્તર દિશાનો પવન ફૂંકાતા રાત્રીના તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગઈકાલે પણ ઉત્તરનો પવન ફૂંકાયો હતો અને તેની અસર આજે સવારના ઠંડકભર્યા માહોલ તરીકે જોવા મળી હતી.

હવામાનની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી દિવસોમાં વહેલી સવારે ઠંડક અને બપોરે ગરમીનો અનુભવ થશે. ખાસ કરીને બપોર બાદ ગરમીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે. હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ આવનારા દિવસોમાં તાપમાનમાં વધુ વધારો થવાની શક્યતા છે અને ધીમે ધીમે આકરી ગરમીની શરૂઆત થશે. હાલ માટે શહેરવાસીઓએ મિશ્ર ઋતુને અનુરૂપ સાવચેતી રાખવાની જરૂર છે.

# સંક્ષિપ્ત સમાચાર

## સુલતાનાબાદમાં દિપક ઇજારદાર દ્વારા ત્રિદિવસીય મહારૂદ્ર યાગ યોજાયો



સુરત : મહાશિવરાત્રિના પાવન અવસરે સુલતાનાબાદ ગામમાં દિપકભાઈ ઇજારદારના ઘર આંગણે ત્રિદિવસીય મહારૂદ્ર યાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વૈદિક પરંપરાનુસાર યોજાયેલા આ યાગમાં આચાર્ય રોહિત શાસ્ત્રીના સાનિધ્યમાં કુલ ૩૧ બ્રાહ્મણોએ મળીને રુદ્રાધ્યાય, મંત્રોચ્ચાર અને વિશેષ હવનવિધિ દ્વારા ભગવાન શિવની આરાધના કરી હતી. સમગ્ર સુલતાનાબાદ શિવમય થયું હતું.

## મહાશિવરાત્રિ પર્વે ભરતેશ્વર મહાદેવ મંદિરમાં લોકડાયરો



સુરતઃ ભરથાણા વિસ્તારમાં આવેલા ભરતેશ્વર મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રિ પર્વે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકડાયરામાં ગુજરાતના લોક કલાકાર તરીકે જાણીતા સાગરદાન ગઢવી અને જયદેવ ગોસાઈએ મહાદેવનાં ભજનો ગાઈ સમગ્ર મંદિરના પરિસરને ભક્તિમય બનાવ્યું હતું. આ લોકડાયરામાં ભરથાણા ગામ તેમજ વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનો પોતાના પરિવારની સાથે જોડાયા હતા. આ ભવ્ય મંદિરનું નિર્માણ રાજુભાઈ ગિજુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એકતા યુવક મંડળ અને શ્રી રાવણતાડ દાદા યુવક મંડળ દ્વારા રક્તદાન શિબિર

સુરત : દર વર્ષની જેમ આ વર્ષે પણ એકતા યુવક મંડળ અને શ્રી રાવણતાડ દાદા યુવક મંડળ દ્વારા તારીખ ૨૨-૦૨-૨૦૨૬ રવિવાર ના રોજ રક્તદાન શિબિર, અંગદાન જાગૃતિ અભિયાન તથા બ્લડ સ્ટેમ સેલ ડોનર્સ રજીસ્ટ્રી નું આયોજન સવારે ૮:૦૦ થી બપોરે ૩:૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. ગયા વર્ષે મંડળ દ્વારા ૫૨૮ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યા હતા તથા આ વર્ષે અમારો લક્ષ્ય ૬૦૦ યુનિટ રક્ત એકત્રિત કરવાનો છે . આ વર્ષે મંડળ દ્વારા ૨૬ મા રક્તદાન શિબિરની સાથે અંગદાન જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવશે.

## શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજમાં આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન



સુરત:સુરત એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુમુલ ડેરી રોડ, સુરત દ્વારા આંતર કોલેજ સ્પર્ધા Impetus 2026"નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં આઈ.ટી., મેનેજમેન્ટ તેમજ ફન ઇવેન્ટ્સની કુલ 14 જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 120 થી વધુ સુરત શહેરની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં દરેક વિજેતા સ્પર્ધકને પ્રમાણપત્ર તેમજ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુરત એજ્યુકેશન સોસાયટીના સહમંત્રી સનીલભાઈ પટેલ, કોલેજના ઇ. આચાર્ય સી. એચ. ઠક્કર. તથા સમગ્ર કોલેજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## બાલાજી રોડ પર મુક્તેશ્વર મંદિરમાં ઘીના કમળના દર્શન



સુરત : બાલાજી રોડ પર આવેલ મુક્તેશ્વર મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રીએ ઘીના કમળના દર્શન રાખવામાં આવ્યા હતા જેમા શિવની સેવામાં મુખ્ય પેઇન્ટર તરીકે સ્નેહલ અનિલભાઇ જરીવાળા અને સોનિફળિયા નિવાસી વિપુલ યોગેશભાઇ શર્માએ સેવા આપી હતી.

## ગુજરાત સ્ટેટ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં નિકુંજ પટેલે ત્રીજો ક્રમ મેળવ્યો



સુરતઃ ગત તા.૧૫-૨-૨૦૨૫ ને રવિવારના રોજ ગુજરાત સ્ટેટ પાવર લિફ્ટિંગ એસોસિએશન દ્વારા રાજ્યસ્તરીય પાવર લિફ્ટિંગ સ્પર્ધાનું આયોજન ઉમરા કોમ્યુનિટી હોલ, પીપલોદ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૬૭ કિલો વજન વર્ગમાં કુંભારિયા ગામના વતની નિકુંજ પટેલે ઉત્તમ પ્રદર્શન કરી ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. નિકુંજ પટેલ હાલ પી-ટાઉન ખાતે નિયમિત રીતે વર્કઆઉટ અને પ્રેક્ટિસ કરે છે. તેમની આ સિદ્ધિ બદલ પરિવારજનો, મિત્રવર્ગ તથા ગ્રામજનો દ્વારા શુભેચ્છાઓનો વરસાદ થયો હતો.

## પાર્વતીબેન દેસાઇ વિદ્યાકુંજ અંગ્રેજી માધ્યમમાં શિવરાત્રિની ઉજવણી



સુરત : સોમવારે વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળા, પૂર્વ પ્રાથમિક વિભાગ , અંગ્રેજી માધ્યમ શાળામાં શિવરાત્રી તહેવારની ઉજવણી કરાવવામાં આવી હતી. બાળકો દ્વારા શિવજીની ઉત્સાહ પૂર્વક પૂજા કરવામાં આવી હતી. શિક્ષિક દ્વારા શિવરાત્રિની વાર્તા કરવામાં આવી હતી. છેલ્લે આચાર્યા જ્યોતિકા રામનાની એ સહુને આર્શીવચન આપી શુભેચ્છા પાઠવી હતી.